☞ શું તમે ક્યારેય વિચાર્યું છે કે ગરીબીને કારણે બાળ-મજૂરી છે કે બાળ-મજૂરીને કારણે ગરીબી?

☞ શું તમે ક્યારેય વિચાર્યું છે કે બાળ-મજૂરને ગમે ત્યાં જોઈએ એટલું કામ મળે છે ને મોટાં લોકો બેકાર છે, કેમ?

☞ શું બાળ-મજૂરનાં મા-બાપ હોવું એ શરમજનક નથી? ગુન્હાઈત નથી?

☞ શું બાળ-મજૂરનાં ભાઈ-બહેન, મામા-મામી, કાકા-કાકી, માસા-માસી કે ભાઈ-ભાભી હોવું એ શરમજનક નથી? ગુન્હાઈત નથી?

☞ શું જે ગામમાં, સમાજમાં બાળ-મજૂર હોય તેવા સમાજનાં આગેવાન હોવું, તેવા ગામનાં સરપંચ કે સભ્ય હોવું તે શરમજનક નથી? ગુન્હાઈત નથી?

☞ બાળ-મજૂરનાં હાથે ચ્હા પીવી, બુટ-પોલીશ કરાવવા, બાળ-મજૂરનાં હાથે તૈયાર થયેલી ઈંટોથી ઘર બનાવવું કે બાળ શેરડી કામદારનાં કારણે બનેલી ખાંડ ખાવી કે બાળ-મજૂરનાં નાના-નાના હાથે તૈયાર કરેલા કપડાં પહેરવા તમને શોભે છે? શરમ નથી લાગતી? શું ગુન્હેગાર નથી તમે, આ તમામ બાળકોનાં?

☞ બાળ-મજૂરની કોઈપણ પ્રકારની સેવા લેવી એ પાપ નથી? ગુન્હો નથી? શરમ નથી લાગતી?

**બાળકને તેનો હક અપાવવાના ઉમદા કાર્યમાં આપ પણ સહભાગી બનો...**
**બાળ-મજૂરી અટકાવવા માટે અમારો સંપર્ક કરો...**

**બાળ-મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ ૧૯૮૬ ની કલમ-૩ મુજબ બાળ મજૂરોને કામ પર રાખવા પર પ્રતિબંધ મૂકવામાં આવેલ છે અને આ કલમનો ભંગ કરી બાળ-મજૂરને કામે રાખનારને ઓછામાં ઓછી ૩ (ત્રણ) માસથી ૨ (બે) વર્ષ સુધીની કેદ અથવા ઓછામાં ઓછો રૂા. ૧૦,૦૦૦/- (રૂપિયા દશ હજાર) થી રૂા. ૨૦,૦૦૦/- (રૂપિયા વીશ હજાર) સુધીનો દંડ અથવા બન્ને થઈ શકે છે.**

**ભારત સરકારનાં તા. ૧૦-૧૦-૨૦૦૬ના નોટીફિકેશનથી હોટલો, રેસ્ટોરન્ટ, ખાણી-પીણીની લારીઓ, ચાની કિટલીઓ, રોડ સાઈડના ઢાબાઓ, મનોરંજનનાં સ્થળો તથા ઘરકામમાં પણ બાળ-મજૂરોને કામ પર રાખવા પર પ્રતિબંધ મૂકવામાં આવેલ છે.**

**બાળમજૂરી કરનાર**
**બાળક ગુનેગાર નથી,**
**પણ તે શોષિત છે, પીડિત છે.**
**બાળકને મજૂરી કરાવનાર માલિક અને બાળમજૂરની સેવા લેનાર બંને ગુનેગાર છે.**

**બાળકનો વિકાસ અને રક્ષણ એ માતા-પિતાની, કુટુંબની, શિક્ષકોની, સમાજની તથા ગ્રામ-પંચાયત અને સરકારની જવાબદારી અને ફરજ છે.**

ફક્ત અંગત વિતરણ અને શૈક્ષણિક હેતુસર વિકલ્પ અમદાવાદ દ્વારા તૈયાર



# ભીમનો કાયદો
# બિરસાનુ તીર



## સાથે મળીને
## બદલીએ તાસીર

# આપણા સૌનો
# એક જ અવાજ
# બાળ-મજૂર
# મુક્ત સમાજ



## બાળ-મજૂરી નાબૂદી અભિયાન


**વિકલ્પ**
એ/૮, આનંદ ટેનામેન્ટ, વસ્ત્રાપુર
રેલ્વે સ્ટેશનની પાસે, વેજલપુર,
અમદાવાદ - ૩૮૦ ૦૫૧.
e-mail: vikalpahd@gmail.com
**website : www.vikalp.org**

તાપી જીલ્લા એકમ : વિકલ્પ, નિઝર તાલુકા પંચાયત સામે, નિઝર, તાપી. ફોન : ૦૨૬૨૮ ૨૪૪૭૨૪,
ઈમેલ : tapi@viaklp.org


**ચાઈલ્ડ લાઈન**
**૧૦૯૮ દિવસ રાત**

# બાળકનું સ્થાન ક્યાં? નિશાળમાં કે મજૂરીમાં?

બાળક એટલે ૧૮ વર્ષથી નીચેની ઉંમરની છોકરી કે છોકરો. બાળકને આ ૧૮ વર્ષના સમયગાળા દરમ્યાન સ્વસ્થ-ઉત્તમ જીવન જીવવાનો, તેનો પોતાનો સર્વાંગી વિકાસ કરવાનો, શોષણ અને અન્ય શારિરિક તથા માનસિક અત્યાચાર અને અન્યાય સામે રક્ષણ મેળવવાનો તથા બાળકોને લગતા તેમજ તેમના જીવનને સ્પર્શતાં નિર્ણયોમાં ભાગીદાર બનવાનો પૂરો અધિકાર છે. બાળકોના આ તમામ અધિકાર બાળકો તેમના બાળ-જીવનકાળ દરમ્યાન સતત મેળવતા રહે, તે જાણે-અજાણે ના છીનવાય કે ના અવરોધાય તે જોવાની, ધ્યાન રાખવાની અને તેનું રક્ષણ કરવાની જવાબદારી બાળકનાં કુટુંબની, સમાજની તથા રાજ્યની છે. આમ, બાળકનો તંદુરસ્ત જન્મ, જરૂરી પોષણક્ષમ આહાર, તંદુરસ્ત સ્વાસ્થ્ય, ગુણવત્તાયુક્ત શિક્ષણ, સર્વાંગી વિકાસ, નિર્ણયમાં ભાગીદારી કોઈપણ જાતનાં આર્થિક, સામાજિક કે સાંસ્કૃતિક શોષણ વગર પ્રાપ્ત થાય તે જવાબદારી કુટુંબની, સમાજની અને સરકારની છે.

બાળકને જ્યારે પોતાના અધિકારો પ્રાપ્ત કરવા માટે, આર્થિક શોષણ (બાળ-મજૂરી) નાં ભોગ બનવું પડે છે તે માટે જવાબદાર માત્ર ને માત્ર તેનું કુટુંબ, આપણો સમાજ અને રાજ્ય સરકાર છે. જ્યારે બાળકને પોતાના જીવન-નિર્વાહ માટે બાળ-મજૂરી કરવી પડે છે, એટલે કે આર્થિક શોષણનાં ભોગ બનવું પડે છે ત્યારે તે બાળકનાં બાકીનાં તમામ અધિકારોનો પણ ભંગ થાય છે. કારણ કે બાળ-મજૂરને શિક્ષણથી દૂર જવું પડે છે, તંદુરસ્ત સ્વાસ્થ્ય તો નથી જ મળતું, પરંતુ તેના સ્વાસ્થ્ય અને જીવન ઉપર જોખમ ઊભું થાય છે. જોખમી અને અસલામતીભર્યું કામ કરવું પડે છે. અપૂરતા પોષણ સાથે જોખમી અને કષ્ટદાયક મજૂરી કરવી પડે છે.

આમ, એક બાળક જ્યારે બાળ-મજૂર બને છે ત્યારે તેના જીવન જીવવાના તમામ અધિકારો છીનવાઈ જાય છે, તમામ બાળ-અધિકારો સખત મજૂરી અને ખૂબ જ ઓછાં વેતનમાં ખોવાઈ જાય છે, ઈંટનાં ભઠ્ઠા કે ફેક્ટરીમાં દબાઈ જાય છે, બાળકનું મૃત્યુ થાય છે અને તમારા-મારા કે સમાજનાં હુકમ ઉપર કોઈપણ જાતનાં વિરોધ વગર, અધિકાર કે માંગણી વગર સતત કામ કરતા “બાળ-રોબોટ” નો જન્મ થાય છે. આમ, ૧૮ વર્ષથી નીચેની ઉંમરના બાળક ગમે તે પ્રકારનું કામ કરીને આવક મેળવતાં હોય તેમને બાળ-મજૂર કે બાળ-રોબોટ કહેવાય.

“ મને ઉતારી ના પાડો,
મારો કે ધમકાવો નહીં
ગેરવર્તન ન કરો
મારે મજૂરી ના કરવાની હોય,
રમવાનું ને ભણવાનું હોય
શોષણ હું નહીં સાંખી લઉં
એક વાત નક્કી કહીં દઉં
બાળકોના પણ છે અધિકાર
શિક્ષણ સમીતીમાં કરો દરકાર
ગ્રામસભામાં બનાવો ભાગીદાર
નિર્ણય લેવામાં છે સૌ હકદાર
બાળ મજૂરી નાબૂદ કરો
મને મારો અધિકાર આપો ”

**ના બાળપણ, ના શિક્ષણ ને નહીં દોસ્તી કે મસ્તી,**
**ના ભણતર, ના ગણતર ને નહીં સ્વસ્થ જીંદગી,**
**ના પોષણ, ના રક્ષણ ને થઈ ગઈ જીંદગી સસ્તી,**
**કુટુંબ, સમાજ ને સરકારની આ છે કેવી મસ્તી,**
**ના દરકાર, ના અધિકાર ને જીંદગી મજૂરીમાં ભટકતી,**
**મટી ગઈ બાળકની હસ્તિ ને થઈ ગઈ જીંદગી સસ્તી,**
**લિ. બાળ-મજૂર**

**બાળક મજૂરીએ નહીં, શાળાએ શોભે.**

આદિવાસી વિસ્તારોમાં બાળ-મજૂરીનું પ્રમાણ ઘણું વધારે છે. ઘણાં બધાં બાળકો ઈંટનાં ભઠ્ઠામાં, જરીકામ, બાંધકામ, છૂટક મજૂરી, ખેતીકામ, હોટલમાં, ફેક્ટરીઓમાં, કંપનીઓમાં, શેરડીકામમાં, જંગલખાતામાં, રેતી કાઢવાનાં કામમાં, પાઈપલાઈન તથા ગટરલાઈનના કામમાં, ગામનાં ખાનદાન અને મોભાદાર માણસોનાં ત્યાં નોકર તરીકે વિગેરે જગ્યાએ બાળમજૂર તરીકે કામ કરે છે. ઘરની, માતા-પિતાની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી, માતા-પિતાનાં દબાણથી, શિક્ષણ મેળવવા પાછળ થતો ખર્ચ બચાવવા, શિક્ષણની જરૂરિયાતો પૂરતી ના મળવાથી, પોતાની જરૂરિયાતો માટે, પૂરતું અને સારૂં શિક્ષણ ન મળવાથી, શિક્ષકોની ધાક-ધમકી અને દબાણથી, શાળા પ્રવેશ ના મળવાથી, જે તે ધોરણમાં નાપાસ થવાથી, માતા-પિતાની નિષ્કાળજી-બેદરકારીને લીધે વિગેરે કારણોનાં લીધે ઘણા બધા બાળકો બાળ-મજૂરીની ઊંડી ગર્તામાં ધકેલાઈ જાય છે. ઓછાં વેતનમાં વધારે કામ કરાવી, કંપનીઓમાં અપૂરતો પગાર કે બિલકુલ પગાર ન આપતા, ભાડું-ભથ્થું જ આપવામાં આવે છે. મોભાદાર માણસને ત્યાં ફક્ત બે ટંકનું જમવાનું અને પહેરવા માટે કપડાં જ મળતા હોય છે. બાંધકામ ક્ષેત્રે ઊંચાઈએ કામ કરતા પડી જવાનું જોખમ, નાની ઉંમરે ડ્રાઈવીંગનું કામ કરે અને લાઈસન્સ ના હોવાથી અકસ્માતનાં કિસ્સા બને ત્યારે વળતરનો લાભ ના મળે તે નુકશાનકારક બાબતો છે.



**તમામ બાળકો શાળામાં**
**તેજસ્વી, સ્વસ્થ અને બાળ-મજૂરી મુક્ત,**
**હસતું-ખેલતું બાળપણ**